Seat No. : _______________

# MJ-201

**May-2025**

**B.Com., Sem.-II**

**Minor-DSC-M-F. A/C-123 : Financial A/c-II**

**Time : 2 Hours]** **[Max. Marks : 50**

1. ફોરેન્સિક હિસાબી પદ્ધતિનો અર્થ આપી તેના હેતુઓ અને તેની વિવિધ પદ્ધતિઓ સમજાવો. **10**

**અથવા**

1. પર્યાવરણીય હિસાબી પદ્ધતિનો અર્થ આપી તેના ફાયદા–મર્યાદા સમજાવો. **10**

2. યશ લિમિટેડ ₹ 10નો એક એવા 4,00,000 ઈક્વિટી શેર 25%ના પ્રીમિયમે જાહેર જનતા માટે બહાર પાડ્યા, જેના પર નીચે મુજબ રકમ ભરવાની હતી : **10**

   અરજી વખતે શેરદીઠ ₹ 2
   મંજૂરી વખતે શેરદીઠ ₹ 4.50 (પ્રીમિયમ સહિત)
   પ્રથમ હપ્તા વખતે શેરદીઠ ₹ 4
   બીજા અને છેલ્લા હપ્તા વખતે શેરદીઠ ₹ 2

   6,00,000 શેર માટે અરજી મળી હતી જેમને પ્રમાણસર શેર મંજૂર કરવામાં આવ્યા હતા. અરજી વખતે વધારે ભરાયેલા નાણાં મંજૂરી વખતે લેણી રકમ પેટે મજરે લીધા હતા.

   વ્રજ કે જેને 800 શેર મંજૂર કરવામાં આવ્યા હતા તે મંજૂરીના નાણાં ભરી શક્યો નહીં અને પ્રથમ હપ્તાની રકમ પણ ભરી શક્યો નહિ. તેથી તેના શેર પ્રથમ હપ્તા બાદ જપ્ત કરવામાં આવ્યા. તુલીપ કે જે 1,200 શેર ધરાવતો હતો તેણે છેલ્લા બે હપ્તા ભર્યા નહિ. તેથી તેના શેર બીજા હપ્તા બાદ જપ્ત કરવામાં આવ્યા. જપ્ત થયેલા શેર પૈકી વ્રજના 800 શેર અને તુલીપના 800 શેર પૂર્ણ ભરપાઈ તરીકે શેરદીઠ ₹ 8ના ભાવે જયને રોકડેથી આપ્યા.

   ઉપરના બધા વ્યવહારો નોંધવા યશ લિમિટેડના ચોપડે આમનોંધ લખો.

**અથવા**

2. વેદ લિમિટેડ ₹ 10નો એક એવા 12,00,000 ઈક્વિટી શેર 10%ના પ્રીમિયમે જાહેર જનતા માટે બહાર પાડ્યા, જેના પર નીચે મુજબ રકમ ભરવાની હતી : **10**

   અરજી વખતે શેરદીઠ ₹ 2
   મંજૂરી વખતે શેરદીઠ ₹ 4 (પ્રીમિયમ સહિત)
   હપ્તા વખતે શેરદીઠ ₹ 5

   કુલ 18,00,000 શેર માટે અરજી મળી હતી. 16,00,000 શેરના અરજદારોને પ્રમાણસર શેર મંજૂર કરવામાં આવ્યા હતા અને બાકીની અરજીઓ નામંજૂર કરવામાં આવી હતી. અરજી વખતે વધારે ભરાયેલા નાણાં મંજૂરી વખતે લેણી રકમ પેટે મજરે લીધા હતા.

અખિલ કે જેને 1,800 શેર મંજૂર કરવામાં આવ્યા હતા તે મંજૂરીના નાણાં ભરી શક્યો નહીં અને તેના શેર મંજૂરી બાદ જપ્ત કરવામાં આવ્યા. સારવ કે જેણે 1,600 શેરની અરજી કરેલ તે હપ્તા વખતની રકમ ભરી શકેલ નથી અને તેના શેર જપ્ત કરવામાં આવ્યા. જપ્ત થયેલા શેર પૈકી 80% શેર ₹ 8ના ભાવે પૂર્ણ ભરપાઈ ગણીને બહાર પાડવામાં આવ્યા, જેમાં અખિલના તમામ શેરનો સમાવેશ થયેલો હતો.

ઉપરના બધા વ્યવહારો નોંધવા વેદ લિમિટેડના ચોપડે આમનોંધ લખો.

3. ડિબેન્ચરનો અર્થ આપી ડિબેન્ચરના જુદા-જુદા પ્રકારો વિગતે સમજાવો. **10**

**અથવા**

3. (A) અંજના લિ. પાસેથી અક્ષત લિ. એ ₹ 9,90,000નું યંત્ર ખરીદ્યું. યંત્રની કિંમત પેટે અક્ષત લિ. એ 11%ના ડિબેન્ચર આપ્યા. અક્ષત લિ.ના ચોપડામાં નીચેના સંજોગોમાં આમનોંધ લખો : **5**

   (1) જો ડિબેન્ચર 10% વટાવે બહાર પાડવામાં આવે.

   (2) જો ડિબેન્ચર 10% પ્રીમિયમે બહાર પાડવામાં આવે.

   (B) A લિ. એ B લિ. ની ₹ 10,00,000ની મિલકતો અને ₹ 2,00,000ના દેવાં સાથેનો ચાલુ ધંધો ₹ 9,00,000માં ખરીદ્યો. ખરીદકિંમતની ચૂકવણી પેટે ₹ 4,00,000નો ચેક અને બાકીની રકમ પેટે ₹ 100નો એક એવા 12% ના ડિબેન્ચર 25%ના પ્રીમિયમે આપ્યા. **5**

   A લિ. ના ચોપડે ઉપરના વ્યવહારો અંગેની આમનોંધ લખો.

4. તા. 31-3-2025ના રોજનું રિષભ લિ. નું કાચું સરવૈયું નીચે મુજબ છે : **10**

| વિગત | ઉધાર બાકીઓ (₹) | જમા બાકીઓ (₹) |
|---|---|---|
| શેરમૂડી | - | 2,37,500 |
| સામાન્ય અનામત | - | 15,000 |
| શરૂઆતનો સ્ટૉક | 20,000 | - |
| દેવાદારો અને લેણદારો | 50,000 | 7,500 |
| ખરીદી અને વેચાણ | 1,25,000 | 3,00,000 |
| ખરીદ-પરત અને વેચાણ-પરત | 6,250 | 5,000 |
| 10%ના ડિબેન્ચર અને ડિબેન્ચર વ્યાજ | 3,750 | 50,000 |
| ડિબેન્ચર પરત અનામત | - | 10,000 |
| ટેલિફોન ડિપોઝિટ | 7,500 | - |
| જાહેર થાપણો | - | 20,000 |
| 10%ની સરકારી લોન | 25,000 | - |
| જમીન-મકાન | 3,50,000 | - |
| નહિ મંગાવેલ ડિવિડન્ડ | - | 2,500 |
| પ્લાન્ટ-યંત્રો | 57,500 | - |
| ઘાલખાધ અનામત | - | 4,500 |
| પગાર | 12,500 | - |
| નફા-નુકસાન ખાતું (1-4-2024) | - | 10,500 |
| ઑફિસ ખર્ચા | 5,000 | - |
| | **6,62,500** | **6,62,500** |

**વધારાની માહિતી :**

(1) આખર સ્ટૉક ₹ 10,000

(2) દેવાદારો પર 10% લેખે ઘાલખાધ અનામતની જોગવાઈ કરો.

(3) જમીન-મકાન પર 5% અને પ્લાન્ટ-યંત્રો પર 10% ઘસારો ગણો.

(4) શેરમૂડી પર 10% લેખે ડિવિડન્ડની જોગવાઈ કરો, ₹ 5,000 સામાન્ય અનામત ખાતે લઈ જાઓ અને નફાના 50% લેખે કરવેરાની જોગવાઈ કરો. સૂચિત ડિવિડન્ડ પર 20% લેખે કૉર્પોરેટ ડિવિડન્ડ ટેક્સની જોગવાઈ કરો, જેમાં શિક્ષણ વેરો અને સરચાર્જનો પણ સમાવેશ થયેલો છે.

ઉપરની માહિતી પરથી 2013ના કંપની ધારાની જોગવાઈઓ પ્રમાણે પરિશિષ્ટ-3 મુજબ વાર્ષિક હિસાબો તૈયાર કરો.

**અથવા**

4. કંપનીધારો, 2013 મુજબનું કાલ્પનિક આંકડાઓ સાથેનું નફા-નુકસાનનું પત્રક અને પાકું સરવૈયું તૈયાર કરો. **10**

5. યોગ્ય વિકલ્પની પસંદગી કરો : (કોઈપણ **દસ**) **10**

(1) દ્વિનોંધી નામા પદ્ધતિ નીચેનામાંથી કયા ખ્યાલ પર આધારિત છે ?

(a) હિસાબોની બેવડી અસર (b) હિસાબોની એક જ અસર

(c) હિસાબોની બહુવિધ અસરો (d) આમાંથી એકપણ નહિ

(2) સ્વચાલિત હિસાબી પદ્ધતિ પ્રક્રિયાઓમાં સામાન્ય રીતે કઈ ટેકનિકનો ઉપયોગ થાય છે ?

(a) કાગળ ખાતાવહી (b) ક્લાઉડ આધારિત હિસાબી પદ્ધતિનું સૉફ્ટવેર

(c) કેલ્ક્યુલેટર (d) ટાઈપરાઈટર

(3) નીચેનામાંથી કયું સાધન સંચાલકીય હિસાબી પદ્ધતિમાં વપરાય છે ?

(a) પાકું સરવૈયું (b) ટેક્સ રિટર્ન

(c) અંદાજપત્રીય અંકુશ (d) ઑડિટ અહેવાલ

(4) ₹ 500ના ઈક્વિટી શેરની અરજી સાથે કંપનીધારા મુજબ ઓછામાં ઓછી મંગાવવાની રકમ ____ .

(a) ₹ 20 (b) ₹ 10

(c) ₹ 15 (d) ₹ 25

(5) જ્યારે શેર જપ્ત થાય ત્યારે જપ્ત થયેલા શેર પર મંગાવેલી રકમ ______ ખાતે ઉધાર થશે.

(a) શેર જપ્તી (b) મૂડી અનામત

(c) હપ્તા (d) શેરમૂડી

(6) કંપનીધારો, 2013ના ટેબલ-F મુજબ મળવાના બાકી હપ્તા પર વધુમાં વધુ કેટલું વ્યાજ વસૂલ કરી શકાય ?

(a) 5% (b) 4%

(c) 10% (d) 6%

(7) ડિબેન્ચર એ ધંધાની કેવી મૂડી છે ?

(a) માલીકીની (b) ઉછીની

(c) સરકારની (d) ટૂંકાગાળાની

(8) ડિબેન્ચર વધુમાં વધુ કેટલા ટકા વટાવથી બહાર પાડી શકાય ?

(a) બોર્ડ ઑફ ડિરેક્ટર્સ દ્વારા નક્કી થયેલ દરે (b) 5%

(c) 10% (d) 15%

(9) પ્રીમિયમથી ડિબેન્ચર બહાર પાડતા મળેલ પ્રીમિયમની રકમ ______ ગણાય.

(a) મૂડી નફો (b) મૂડી ખોટ

(c) મહેસૂલી નફો (d) મહેસૂલી ખોટ

(10) નીચે દર્શાવેલી બાબતો પૈકી કઈ બાબત પાકા સરવૈયામાં "અનામત અને વધારા"ના મથાળાં હેઠળ દર્શાવવામાં આવે છે ?

(a) ડિબેન્ચર (b) ડિબેન્ચર પરત નિધિ

(c) ચૂકવેલ ડિબેન્ચર વ્યાજ (d) ચૂકવવાનું બાકી ડિબેન્ચર વ્યાજ

(11) નીચેનામાંથી કઈ વિગત કંપની માટે "સંભવિત જવાબદારી" ગણાય છે ?

(a) નહિ મંગાવેલ ડિવિડન્ડ (b) ચૂકવવાના બાકી ખર્ચા

(c) ક્યુ. પ્રેફરન્સ શેરનું બાકી ડિવિડન્ડ (d) આમાંથી એકપણ નહિ

(12) ડિવિડન્ડ સામાન્ય રીતે ______ પર ચૂકવવામાં આવે છે.

(a) સત્તાવાર શેરમૂડી (b) બહાર પાડેલ શેરમૂડી

(c) અનામત શેરમૂડી (d) વસૂલ આવેલી શેરમૂડી

Seat No. : _______________

# MJ-201

**May-2025**

**B.Com., Sem.-II**

**Minor-DSC-M-F. A/C-123 : Financial A/c-II**

**Time : 2 Hours]** **[Max. Marks : 50**

1. What is Forensic Accounting ? Explain objectives and different methods of Forensic Accounting. **10**

**OR**

1. What is Environmental Accounting ? Explain advantages and limitations of Environmental Accounting. **10**

2. Yash Ltd. issued 4,00,000 equity shares of ₹ 10 each at a premium of 25% on which amount is called up as under : **10**
   On application ₹ 2 per share
   On allotment ₹ 4.50 per share (including premium)
   On first call ₹ 4 per share
   On second and final call ₹ 2 per share
   Applications were received for 6,00,000 shares on which pro-rata shares were allotted. Excess money received on application was adjusted against share allotment.
   Vraj, to whom 800 shares were allotted, could not pay the allotment money and first call money. So, his shares were forfeited after first call. Tulip who was holding 1,200 shares could not pay both the calls. So, his shares were forfeited after second call.
   Out of the forfeited shares, 800 shares of Vraj and 800 shares of Tulip were sold to Jay at ₹ 8 per share as fully paid up.
   Write journal entries in the books of Yash Ltd. to record the above transactions.

**OR**

2. Ved Ltd. issued 12,00,000 equity shares of ₹ 10 each at a premium of 10% on which amount is called up as under : **10**
   On application ₹ 2 per share
   On allotment ₹ 4 per share (including premium)
   On calls ₹ 5 per share
   Applications were received for 18,00,000 shares out of which pro-rata shares were allotted to 16,00,000 shares and remaining applications were rejected. Excess money received on application was adjusted against share allotment.
   Akhil, to whom 1,800 shares were allotted, could not pay the allotment money and his shares were forfeited after allotment. Sarav who applied for 1,600 shares could not pay the call money and his shares were forfeited.
   Out of the forfeited shares, 80% shares were re-issued at ₹ 8 per share as fully paid up in which all the shares of Akhil were included.
   Write journal entries in the books of Ved Ltd. to record the above transactions.

3. What do you mean by Debentures ? Explain various types of Debentures in detail. **10**

**OR**

3. (A) Akshat Ltd. purchased a machine worth ₹ 9,90,000 from Anjana Ltd. Akshat Ltd. paid 11% debentures against the price of machine. Write journal entries in the books of Akshat Ltd. for the following circumstances : **5**

(1) If Debentures are issued at 10% discount

(2) If Debentures are issued at 10% premium

(B) A Ltd. purchased running business of B Ltd. for ₹ 9,00,000 with assets of ₹ 10,00,000 and liabilities of ₹ 2,00,000. He paid a cheque of ₹ 4,00,000 and 12% debentures of ₹ 100 each at 25% premium for the balance amount. **5**

Write journal entries in the books of A Ltd. for the above transactions.

4. Trial Balance of Rishabh Ltd. as on 31-3-2025 is as under : **10**

| **Particulars** | **Debit Balances (₹)** | **Credit Balances (₹)** |
|---|---|---|
| Share Capital | - | 2,37,500 |
| General Reserve | - | 15,000 |
| Opening Stock | 20,000 | - |
| Debtors and Creditors | 50,000 | 7,500 |
| Purchase and Sales | 1,25,000 | 3,00,000 |
| Purchase return and Sales return | 6,250 | 5,000 |
| 10% Debentures and Debenture Interest | 3,750 | 50,000 |
| Debenture Redemption Reserve | - | 10,000 |
| Telephone Deposit | 7,500 | - |
| Public Deposits | - | 20,000 |
| 10% Government Loan | 25,000 | - |
| Land-Building | 3,50,000 | - |
| Unclaimed Dividend | - | 2,500 |
| Plant-Machinery | 57,500 | - |
| Bad Debts Reserve | - | 4,500 |
| Salary | 12,500 | - |
| Profit & Loss A/c (1-4-2024) | - | 10,500 |
| Office Expenses | 5,000 | - |
| | **6,62,500** | **6,62,500** |

**Additional Information :**

(1) Closing Stock ₹ 10,000.

(2) Provide 10% bad debts reserve on debtors.

(3) Provide 5% depreciation on Land-Building and 10% on Plant-Machinery.

(4) Make provision of 10% dividend on share capital, transfer ₹ 5,000 to General Reserve and make tax provision at 50% of profits. Provide 20% corporate dividend tax on proposed dividend, in which education cess and surcharge is included.

Prepare Final Accounts as per Schedule-3 of Companies Act, 2013.

**OR**

4. Prepare Profit-Loss Statement and Balance Sheet as per Companies Act, 2013 with imaginary figures. **10**

5. Select an appropriate alternative : (Any **Ten**) **10**

(1) On which concept, double entry accounting system is based on ?

(a) Dual effect of accounts (b) Single effect of accounts

(c) Multiple effects of accounts (d) None of these

(2) Which technique is generally used in Automated Accounting system processes ?

(a) Page ledgers (b) Cloud accounting based software

(c) Calculator (d) Type-writer

(3) Which of the following is used in Management Accounting ?

(a) Balance Sheet (b) Tax Return

(c) Budgetary Control (d) Audit Report

(4) Minimum amount to be called up with share application on the equity share of ₹ 500 is _______.

(a) ₹ 20 (b) ₹ 10

(c) ₹ 15 (d) ₹ 25

(5) When shares are forfeited, the amount called up on shares is debited to _____ account.

(a) Share forfeiture (b) Capital Reserve

(c) Calls (d) Share Capital

(6) What is the maximum rate of interest on calls-in-arrears as per Table-F of Companies Act, 2013 ?

(a) 5% (b) 4%

(c) 10% (d) 6%

(7) Debenture is ____ capital for the business.

(a) Owners' (b) Borrowed

(c) Government (d) Short term

(8) Maximum rate of discount at which debentures can be issued is _____.

(a) Rate decided by the board of directors

(b) 5%

(c) 10%

(d) 15%

(9) Premium received on issue of debentures at premium is _____ for the business.

(a) Capital profit (b) Capital loss

(c) Revenue profit (d) Revenue loss

(10) Which of the following items is shown under the head "Reserves and Surplus" in Balance Sheet ?

(a) Debentures (b) Debenture Redemption Fund

(c) Debenture interest paid (d) Unpaid Debenture interest

(11) Which of the following items is shown under the head "Contingent Liabilities" ?

(a) Unclaimed dividend

(b) Unpaid expenses

(c) Unpaid dividend on Cum. Preference share

(d) None of these

(12) Generally, dividend is paid on _____.

(a) Authorised capital (b) Issued capital

(c) Reserved capital (d) Subscribed capital